**બિડાણઃ** સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,મ.૩ વિભાગ સચિવાલય, ગાંધીનગરની કચેરીનો તા.૦૬.૧૧.૨૦૧૯નો પત્ર.

**વિષયઃ** માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ના અસરકારક અમલ માટે જરૂરી સૂચનાઓ પરિત્રિત કરવા બાબત..

---

**જા.નં.નકૃયુ/રજી/આર.ટી.આઈ./ ૧૧૪૭૧-૫૪૦ /૨૦૧૯.** **તારીખઃ૧૩/૧૧/૨૦૧૯.**

ઈ/ચા. **કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું :–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના તમામ જાહેર માહિતી અધિકારી તેમજ તમામ અપીલ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– આ સાથે સામેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧.૧૦.૨૦૧૯ના પરિપત્રમાં આપેલ સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

ક્રમાંક: પરચ/૧૨૧૯/૧૧૦૬/મ-૩
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
Email : so-m3-agri@gujarat.gov.in
તારીખ :૦૬/૧૧/૨૦૧૯

150 YEARS OF CELEBRATING THE MAHATMA

પ્રતિ,

- સર્વે શાખાઓ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી., બલરામ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ સે હાઉસ, સેટેલાઇટ, અમદાવાદ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કુલ સચિવશ્રી, આણંદ/નવસારી/જુનાગઢ/દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી જિ- બનાસકાંઠા.
- રજિસ્ટ્રારશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રિબ્યુનલ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, કૃષિ ભવન, પાલડી અમદાવાદ.

જાણ / યોગ્ય કાર્યવાહી અર્થે. (તા.૧૧/૧૦/૨૦૧૯નો સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક: વવઅ/૧૦૨૦૧૯/૯૩૭/આરટીઆઇસેલ)

આપની વિશ્વાસુ,

(એમ. કિરણચંદ્ર)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઇ.નં. ૭૨૬૯
13 NOV 2019
એડીએમ-૩ શાખા

11 NOV 2019

જા.૩

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના અસરકારક અમલ માટે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવા બાબત.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક.........................
1 6 OCT 2019
5645
શાખા.........................

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ વવઅ/૧૦૨૦૧૯/૯૩૭/આરટીઆઇસેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૧/૧૦/૨૦૧૯

વંચાણમાં લીધાઃ

(૧) ગુજરાત માહિતી આયોગનો ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ.

## પરિપત્રઃ

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ તા.૧૨-૧૦-૨૦૦૫થી અમલમાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન રાજયમાં માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓનો સુચારુ અમલ કરવા પરિપત્રોથી સુચનાઓ આપવામાં આવી છે, તેમ છતાં રાજય સરકારના ધ્યાન પર આવેલ છે કે, સરકારની સ્થાયી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી. આથી માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇનો અસરકારક રીતે અમલ થાય તે માટે નીચે મુજબની સુચનાઓ પુનઃ આપવામાં આવે છે.

(૧) માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇ અનુસાર દરેક જાહેર સત્તામંડળોએ જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીની નિમણૂક કરવી અનિવાર્ય છે. આથી જે જાહેર સત્તામંડળોએ જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીની નિમણૂક કરવાની બાકી હોય તે દરેક જાહેર સત્તામંડળોને જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીની નિમણૂક કરવાની સુચના આપવામાં આવે છે. તથા જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીની બદલીના સંજોગોમાં પણ આ વ્યવસ્થા જળવાઇ રહે તે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

All HOD
Board / Cor
All Br

13 NOV 2019

..૨..

SR

૧૨૦૬/જા.૩
૨૯/૧૦/૧૯

(૨) જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા) આયોજીત માહિતી અધિકાર અધિનિયમ હેઠળ યોજાતા તાલીમવર્ગોમાં અચુક મોકલવા તમામ વિભાગોને તથા ખાતાના વડાની કચેરીઓને સૂચના આપવામાં આવે છે.

(૩) સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે, કેટલાક અપીલ સત્તાધિકારી પ્રથમ અપીલનો નિર્દિષ્ટ સમયમર્યાદામાં નિકાલ કરતા નથી તથા પ્રથમ અપીલની સુનાવણી કરીને વિગતદર્શક હુકમ(Speaking Order) કરતા નથી તેમજ આયોગના એકપક્ષીય હુકમ પછી પણ તેઓ પ્રથમ અપીલનો નિર્ણય કરતા નથી. પરિણામે, અરજદારોને માહિતી મેળવવા માટે બીજી અપીલ આયોગ સમક્ષ કરવી પડે છે. આથી તમામ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા પ્રથમ સુનાવણી યોગ્ય રીતે રાખી અરજદારની અપીલ અરજીનો નિર્ણય કરી તેની અમલવારી કરાવવાની સૂચના આપવામાં આવે છે.

(૪) આયોગ તરફથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ હાથ ધરવામાં આવતી સુનાવણી અર્ધ ન્યાયીક પ્રકારની છે. આ સુનાવણીમાં વિવાદી હાજર રહે છે. માહિતી અધિકાર અધિનિયમના અસરકારક અમલીકરણ માટે જાહેર માહિતી અધિકારીઓ આયોગની સુનાવણી દરમિયાન અચૂક હાજર રહેવા તથા પ્રથમ અપીલ સત્તાધિકારી જ્યારે સુનાવણીમાં હાજર રહી શકે તેમ ન હોય ત્યારે તેમના વતી કેસની વિગતોથી જાણકાર હોય તેવા અધિકારી સુનાવણીમાં હાજર રહે તે માટે જણાવવામાં આવે છે.

(૫) સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે, ઘણા કિસ્સામાં પ્રથમ અપીલ અધિકારીઓ નમૂના-ક ની અરજીઓનો તથા તેમને કરવામાં આવતી પ્રથમ અપીલોનો અભ્યાસ કર્યા વિના ઔપચારિક હુકમો કરે છે. ખરેખર પ્રથમ અપીલ અધિકારી દ્વારા નમૂના-ક ની અરજી, જાહેર માહિતી અધિકારી દ્વારા રજુ કરવામાં આવેલ વિગતો તથા પ્રથમ અપીલની વિગતોને ધ્યાને લઈને પ્રથમ અપીલનો વિગતદર્શક (speaking order) હુકમ કરવામાં આવે તથા તેમના હુકમનું પાલન જાહેર માહિતી અધિકારી દ્વારા કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી પ્રથમ અપીલ અધિકારીની બને છે.

..3..

આથી તમામ પ્રથમ અપીલ અધિકારીઓને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની તેમની ફરજો અને જવાબદારી પ્રત્યે કાળજી દાખવવા આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.એસ.પ્રજાપતિ )
સંયુકત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ.
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર .
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ .
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ડોજીવરાજ મહેતા ભવન ., ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

..૪..

- ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી, સરદાર પટેલ રાજ્ય લોક પ્રશાસન સંસ્થા, સેટેલાઇટ, અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો, તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સુચના પરીપત્રિત કરવાની વિનંતી સાથે.
- સર્વે જિલ્લા કલેકટરશ્રી, તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સુચના પરીપત્રિત કરવાની વિનંતી સાથે.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સુચના પરીપત્રિત કરવાની વિનંતી સાથે.
- સર્વે ખાતાના વડાની કચેરીઓ, તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સુચના પરીપત્રિત કરવાની વિનંતી સાથે.
- સા.વ.વિ. ની તમામ શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ .
- શાખા સીલેકટ ફાઇલ .